Friday
16.05.2025
✳Volume :9 ✳ Issue No.302
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

✳Office: A-3, Plot No. R- 13, Tanish hq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

બાળકનું કાનનું મશીન તૂટી જાય તો રાજ્ય સરકાર બીજીવાર નિઃશુલ્ક લગાવી આપે છે : રાજ્ય સરકારનો રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત સંવેદનશીલ અભિગમ

મશીન ભલે તૂટે, બાળકોના સપના નહીં તૂટવા દઈએ : આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે ૧૦૦ બાળકોને કોકલીયાર ઈમ્પ્લાન્ટ અને એક્સ્ટર્નલ સ્પીચ પ્રોસેસર મશીનનું વિતરણ કરાયું

સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ૧૦૦ બાળકોના જીવનમાંથી બધિરતાની બાદબાકી થઈ સ્મિતનો સરવાળો થયો

કમલમ્,
આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, જન્મજાત બહેરાશની તકલીફ હોય તેવા બાળકને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગતનિઃશુલ્ક કોકલીયર ઈમ્પ્લાન્ટ અને એક્સટર્નલ સ્પીચ પ્રોસેસર મશીન બીજીવાર નિઃશુલ્ક લગાવી આપશે. મશીન ભલે તૂટે, બાળકના સપના નહીં તૂટવાદઈએ તેમ મંત્રીશ્રી એ ઉમેર્યું હતું. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે ૧૦૦ બાળકોને કોકલીયર ઈમ્પ્લાન્ટ અને એક્સટર્નલ સ્પીચ પ્રોસેસર મશીનનું વિતરણ અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું હતું.કુલ ૨૨૦ બાળકોને, રૂપિયા આઠ લાખનું એક એવા આ મશીનનું બીજીવાર ફીટીંગ અને મેપિંગ કરી આપવાનું આયોજન હાથ ધરાયું છે.બાકી રહેલા ૧૨૦ બાળકોના પણ પ્રોસેસર ઈમ્પ્લાન્ટ ટુંકસમયમાં નવા બદલી આપવામાં આવશે તેમ મંત્રી શ્રી ઋષિકેશ પટેલ જણાવ્યું હતું.

આ સંદર્ભે આરોગ્ય મંત્રીશ્રીએ કહ્યું કે, બાળકને દેશનું ભવિષ્ય છે. બધિરતાનીતકલીફ કે મશીન બગડી જવાના કારણે ત્યારે બાળક ફરીથી શ્રવણ શક્તિ ગુમાવે છે. આવા બાળકને રાજ્ય સરકાર કોકલીયર ઈમ્પ્લાન્ટ અને એક્સટર્નલ સ્પીચપ્રોસેસર મશીન બીજીવાર નિઃશુલ્ક લગાવી આપશે. મશીન ભલે તૂટે, બાળકના સપના નહીં તૂટવાદઈએ તેમ મંત્રીશ્રી એ ઉમેર્યું હતું. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે ૧૦૦ બાળકોને કોકલીયર ઈમ્પ્લાન્ટ અને એક્સટર્નલ સ્પીચપ્રોસેસર મશીનનું વિતરણ અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું હતું.કુલ ૨૨૦ બાળકોને, રૂપિયા આઠ લાખનું એક એવા આ મશીનનું બીજીવાર ફીટીંગ અને મેપિંગ કરી આપવાનું આયોજન હાથ ધરાયું છે.બાકી રહેલા ૧૨૦ બાળકોના પણ પ્રોસેસર ઈમ્પ્લાન્ટ ટુંકસમયમાં નવા બદલી આપવામાં આવશે તેમ મંત્રી શ્રી ઋષિકેશ પટેલ જણાવ્યું હતું.

બાકીના ૧૨૦ બાળકોને પણ ટુંક સમયમાં ઈમ્પ્લાન્ટ પ્રોસેસરનો લાભ અપાશે

૫.૫ કરોડના ખર્ચે ૨૨૦ બાળકોને આ મશીનનું બીજીવાર ફીટીંગ અને મેપિંગ કરી આપવાનું આયોજન હાથ ધરાયું છે



બાળકનું ભણતર અટકી જાય અને તેનું ભવિષ્ય ધૂંધળું બને તેવું સરકાર થવા નહીં દે. અને એટલે જ એક્સટર્નલ સ્પીચપ્રોસેસર બગડ્યું હોય કે ખોવાઈ ગયું હોય તેવા કિસ્સામાં આ મશીન ફરીથી નિશુલ્ક લગાવી આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યોછે. તેમણે ઉમેર્યું કે, પહેલીવાર ખાનગીહોસ્પિટલમાં મશીન લગાવ્યું હોય તો તેમની પાસેથી કુલ ખર્ચના ૧૦૮કાજેટલી નજીવી ૨૬મ લઈને બીજી વાર મશીન લગાવી આપવામાં આવશે. કુદરતે કોઈ બાળકને કાનમાં ત્રુટી આપી છે તોતેને નિવારવા સરકારે કૃત્રિમ શ્રવણ શક્તિ આપવાનું વ્યવસ્થા સરકારે બનાવી છે. મંત્રીશ્રીએ કહ્યું કે, બાળકનું સપનું હોય વૈજ્ઞાનિક બનવું હોયતો તે બનવું અને સારી કારકિર્દી બનાવીને પરિવાર અને રાષ્ટ્રની સેવા કરવી. તો આવા સપના પૂરા કરવામાં તેમની બધિરતાઅડચણ નબને તે રાજ્ય સરકારે સુનિશ્ચિત કર્યું છે. તેમણે વધુમાં કહ્યું કે, સરકારે ઓડિયોલોજીમાં ઉચ્ચ તબીબી અભ્યાસ માટેનું ઈન્સ્ટ્રક્ચર સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ઊભું કર્યું છે. સોલા સિવિલ હોસ્પિટલના વિભાગના વડા શ્રીમતી નીના ભાલોડીયાએ સરકારી ઓડિયોલોજી કોલેજના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત વિગતો આપતા કહ્યું કે, અત્યાર સુધીમાં ૯૦૦૦ લોકોએ બહેરાશ સંબંધી સારવાર અહીં લીધી છે. ૪૦૦૦ થી વધુ કોકલીયર ઈમ્પ્લાન્ટ કરવામાં આવ્યા છે. સ્પીચ થેરાપી માટેના સાઉન્ડ પ્રૂફ રૂમ અને અધ્યતન સાધનોઅહીં ઉપલબ્ધછે. મંત્રી શ્રી ઋષિકેશ પટેલે ઓડિયોલોજી ફેસીલીટી, સ્પીચ થેરાપી સેન્ટર, ઈમ્પ્લાન્ટ સુવિધા વગેરેની મુલાકાત લીધીહતી. તેમણે સોલા સિવિલ હોસ્પિટલના વિવિધ વોર્ડની રૂબરૂ મુલાકાત લઈને તમામ મેડિકલ ફેસીલીટીની સમીક્ષા કરી હતી અને તબીબો તેમજ વહીવટી અધિકારીઓને આવશ્યક સૂચનો કર્યા હતા. આરોગ્ય વિભાગના સચિવ શ્રી ધનંજય ત્રિવેદી , આરોગ્ય કમિશનર ગ્રામ્ય શ્રીમતી રૂતન કવર ગઢવી ચારણ, આરોગ્ય વિભાગના અધિકનિયામક નયન જાની, સોલા મેડિકલ કોલેજના સુપ્રિટેન્ડન્ટ, તબીબી અધ્યાપકો અને પ્રોફેસર વિગેરે આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

નાણા, ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈ તથા સહકાર રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં મહુવા, ગણદેવી સુગર ફેકટરીના ચેરમેન તથા ડિરેકટરો સાથે બેઠક મળી

કમલમ્,
નાણા, ઉર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ અને સહકાર રાજ્ય મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માના વડપણ હેઠળ મહુવા સુગર ફેકટરી ખાતમહુવા, ગણદેવી અને અન્ય સુગર ફેકટરીઓના ચેરમેન તથા ડિરેકટરો સાથે સુગરની કામગીરી અંગે સમીક્ષા બેઠક મળી હતી. બેઠકમાં સુગર ફેકટરીઓને લગતા પ્રશ્નો, પ્રગતિ અંગેની ચર્ચા કરી ખેડૂતોને સારા ભાવમળી રહે, સુગર ફેકટરીઓની બાયો પ્રોડકટને વેગ મળે તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળ પ્રથમવાર સહકારિતા વિભાગ કાર્યરત કરવામાં આવ્યો છે. ગામડાઓ મજબુત થાય, કો-ઓપરેટિવ સેક્ટરનું માળખુ મજબૂત બને તે દિશામાં સરકાર આગળ વધીરહી છે.

બેઠકમાં ધારાસભ્યો મોહનભાઈ ઢોડિયા અને સંદિપભાઈ દેસાઈ, મહુવા સુગરના પ્રમુખ માનસિંહ પટેલ, સુગર ફેકટરીના ચેરમેનો, ડિરેકટરો ઉપસ્થિત રહ્યા હતા.

શહેરોની સૂચિત સોસાયટીઓના દસ્તાવેજીકરણને લઈને મહેસૂલ વિભાગની ઉચ્ચસ્તરીય બેઠક

મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા અને રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ પંચાલની પ્રેરક ઉપસ્થિતિમાં મહેસૂલ સચિવ શ્રી જયંતિ રવિની ઉપસ્થિતિમાં બેઠક સંપન્ન થઈ

દસ્તાવેજીકરણમાં આવી રહેલી અડચણોને દૂર થવાથી રાજ્યના હજારો નાગરિકોને આધારભૂત હક પ્રાપ્ત કરવામાં મદદરૂપ થશે. - મંત્રી શ્રી જગદીશભાઈ પંચાલ

રાજ્ય સરકાર શહેરના છેવાડાના વિસ્તારના પછાત વર્ગના ઉત્થાન અને ન્યાય માટે કટિબદ્ધ - મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા

કમલમ્,
ગુજરાતરાજ્યના મુખ્ય મંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શહેરોના પછાત વિસ્તારોમાં આવેલ સૂચિત સોસાયટીઓના દસ્તાવેજીકરણમાં આવી રહેલી અડચણોને દૂર કરવા તથા આ પ્રક્રિયાને વધુ સરળ, પારદર્શક અને લોકોને સુલભ બનાવવાના હેતુથી ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ પંચાલ, રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, મહેસૂલસચિવ શ્રી જયંતિરવિ તથા સંબંધિત અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં બેઠક યોજવામાં આવી. આબેઠકમાં દસ્તાવેજીકરણ ની હાલની પ્રક્રિયાને સરળ બનાવવા, જરૂરી કાયદાકીય સુધારા કરવાતથા વિકાસના મુખ્ય પ્રવાહ માં પછાત વિસ્તારોના નાગરિકોને લાવવા માટે શક્ય તેટલા સંવેદનશીલઅભિગમ જનહિતના નિર્ણયો લેવા અંગે ચર્ચા થઈ. રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું કે, આ નિર્ણયથીનાગરિકો પોતાના મિલકતના અધિકાર સાથે નાણાકીય, શૈક્ષણિક તથા અન્ય કાયદાકીય લાભો પ્રાપ્ત કરી શકશે. સાથેસાથે પછાતવિસ્તારોનો નકશો પણ શહેરના મુખ્ય ધારા સાથે સંકળાઈ શકશે, જે રાજ્યના સર્વાંગી વિકાસ માટે એક મહત્વપૂર્ણ પગલુંસાબિત થશે.

માંડવી ખાતે આદિજાતિ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે આદિવાસી ખેડૂતોને કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ ખાતર-બિયારણનું વિતરણ

સરકારની કૃષિ અને બાગાયતની અનેકવિધ યોજનાઓનો લાભ મેળવી ખેતીને ઉન્નત બનાવવાનો અનુરોધ કરતા આદિજાતિ મંત્રી કુંવરજીભાઈ હળપતિ



કૃષિ કિટ્સમાં ૧ બેગ એ.પી.એસ. ફ્રૅન્ડ, ૧ બેગ પ્રોમ, ૧ નેનો ગુરિયાની બોટલ તેમજ તુવેર, અડદ, ડાંગર, રીંગણ અને જુવારનું બિયારણ સામેલ

કમલમ્,સુરત
માંડવી ખાતે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે આદિવાસી ખેડૂતોને કૃષિવૈવિધ્યકરણ યોજના-૨૦૨૫- ૨૬ હેઠળ ખાતર-બિયારણ કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. માંડવી કૃષિમંગલ હોલ ખાતે આયોજિત સમારોહમાં મંત્રી કુંવરજીભાઈ હળપતિએજણાવ્યું કે, આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. કૃષિ પાક માટે આદિજાતિ ખેડૂતોને સમયસર ગુણવત્તાયુક્ત બિયારણ અને ખાતર મળી રહે તે માટે કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલી બનાવી છે. માંડવી તાલુકામાંખેડૂતોને ખેતરેબોર અને સોલર પેનલ સાથે વિજળીની સુવિધા ઉપલબ્ધ કરાવી છે.વધુમાં મંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગ અને ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સીના સોજ ન્યથી આ વર્ષે માંડવી તાલુકાના ૪૦૦ ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ખાતર-બિયારણ અપાયું છે.આ કીટમાંખાતર સ્વરૂપે ૧ બેગ એ.પી.એસ. NPK, 1 બેગપ્રોમ,૧ નેનોયુરિયાની બોટલ તેમજ તુવેર, અડદ, ડાંગર, રીંગણ અને જુવારનું બિયારણ સામેલ છે. આદિજાતિ વિસ્તારમાંગરીબીરેખા નીચે રહેલાતથાકેટેસ્ટરાઈટ એકટ ઘરાવતા આદિજાતિ ખેડૂત લાભાર્થીઓની ફ્લાંટગીકરી અંદાજે રૂ. પાંચથીસાત હજારની કિંમતની કીટ નજીવા દરે રૂ.૫૦૦ ના લોકફાળા અને રાજ્ય સરકારની સબસિડીમાંથી કીટ વિતરણ કરવામાં આવેછે એમ તમણે ઉમેર્યું હતું. તેમણે કૃષિ અને બાગાયતની અને કવિધે યોજ નાઓનો લાભ મેળવી ખેતીને ઉન્નત બના વવાનો સોને અનુરોધ કર્યોહતો. નાંધનીય છે કે, આદિજાતિ જિલ્લાઓમાં અમલીકરણ અંજ ન્સી એગ્રીકલ્ચર સર્વિસ પ્રોવાઈડર) દ્વારા પ્રાયોજના વહીવટ દાર કચેરીના સંકલનમાં યોજ નાનુઅમલીકરણ થઈ રહ્યું છે. આ પ્રસંગે તા.પંચાયત પ્રમુખ, APMC પ્રમુખ, પ્રાયોજ ના કચેરીનાઅધિકારીઓ,મામલતદાર, સરપંચ એસો. ના પ્રમુખ, ખેડૂત અગ્રણીઓ સહિત લાભાર્થીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

તંત્રી સ્થાનેથી......

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે આજે ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ વધુ એક સેમિકન્ડક્ટર યુનિટનીસ્થાપનાને મંજૂરીઆપી. પહેલાથીજ પાંચ સેમિકન્ડક્ટર યુનિટ બાંધકામના અદ્યતન તબક્કામાં છે. આ છઠ્ઠા યુનિટ સાથે, ભારત વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ સેમિકન્ડક્ટર ઉદ્યોગ વિકસાવવાની તેની સફરમાં આગળ વધે છે. આજે મંજૂર કરાયેલા યુનિટ HCL અને ફોક્સકોનનું સંયુક્ત સાહસ છે. HCL નો હાર્ડવેર વિકસાવવા અને ઉત્પાદન કરવાનો લાંબો ઈતિહાસ છે. ફોક્સકોન ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનમાં વૈશ્વિક અગ્રણી છે. તેઓ સાથે મળીને યમુના એક્સપ્રેસવે ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ ઓથોરિટીઅથવા YEIDA માંજેવરએરપોર્ટ નજીક એક પ્લાન્ટ સ્થાપશે. આ પ્લાન્ટ મોબાઈલ ફોન, લેપટોપ, ઓટોમોબાઈલ્સ, પીસીઅને ડિસ્પ્લે ધરાવતા અસંખ્ય અન્ય ઉપકરણો માટે ડિસ્પ્લે ડ્રાઈવર ચિપ્સનું ઉત્પાદન કરશે. આ પ્લાન્ટ દર મહિને ૨૦,૦૦૦ વેફર્સ(wafers) માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે. ડિઝાઈન આઉટપુટ ક્ષમતા દર મહિને ૩૬ મિલિયન યુનિટ છે. સેમિકન્ડક્ટર ઉદ્યોગહવે દેશભરમાં આકાર લઈરહ્યો છે. દેશભરના ઘણા રાજ્યોમાં વિશ્વ કક્ષાની ડિઝાઈન સુવિધાઓ ઉભી થઈ છે. રાજ્ય સરકારોડિઝાઈન કંપનીઓનેજોરશોરથી આગળધપાવી રહીછે. ૨૭૦ શૈક્ષણિક સંસ્થાઓ અને ૭૦ સ્ટાર્ટઅપ્સના વિદ્યાર્થીઓ અને ઉદ્યોગસાહસિકો નવાઉત્પાદનો વિકસાવવામાટે વિશ્વકક્ષાની નવીનતમ ડિઝાઈન તકનીકો પર કામ કરી રહ્યા છે. આ શૈક્ષણિક વિદ્યાર્થીઓના દ્વારાવિકસિત ૨૦ઉત્પાદનો SCL મોહાલીદ્વારા ટેપ કરવામાંઆવ્યા છે. આજે મંજૂર કરાયેલનવું સેમિકન્ડક્ટરયુનિટ ૩,૭૦૦કરોડ રૂપિયાનું રોકાણ આકર્ષિત કરશે. જેમ જેમ દેશ સેમિકન્ડક્ટર સફરમાં આગળ વધીરહ્યો છે, તેમ તેમઈકો સિસ્ટમ ભાગીદારોએ પણ ભારતમાં તેમની સુવિધાઓ સ્થાપિત કરી છે. એપ્લાઈડ મટિરિયલ્સ અને લેમ રિસર્ચ બે સૌથી મોટા ઉપકરણ ઉત્પાદકો છે.બંને હવે ભારતમાં હાજરીધરાવે છે. મર્ક, લિન્ડે, એરલિક્વિડ, આઈનોક્સઅને અન્ય ઘણા ગેસઅને કેમિકલ સપ્લાયર્સઆપણા સેમિકન્ડક્ટર ઉદ્યોગના વિકાસમાટે તૈયારીકરી રહ્યા છે. ભારતમાં લેપટોપ, મોબાઈલફોન, સર્વર, તબીબી ઉપકરણ, પાવર ઈલેક્ટ્રોનિક્સ,સંરક્ષણ ઉપકરણોઅને ગ્રાહક ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનના ઝડપી વિકાસ સાથે સેમિકન્ડક્ટરની માંગમાં વધારો થતાં, આ નવું એકમ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના આત્મનિર્ભર ભારતના વિઝનને વધુ સાકાર કરશે.

ડાંગના વહી જતા પાણીને નાના અને મધ્યમ કદના ડેમો/વિયરોના નિર્માણથી ડાંગમાં જ રોકી, ડાંગના લોકોની પાણીની જરૂરિયાત કાયમી રીતે સંતોષવાની દિશામાં કાર્યરત ડબલ એન્જીન સરકાર





કમલમ્,આહવા

ગુજરાતમા સૌથી વધારે વરસાદ ડાંગ જિલ્લામા વરસતો હોય છે ત્યારે, અહીં વધુમા વધુ સંખ્યામા ચેકડેમ અને વિયર બનાવી, સિંચાઈ માટે પાણી રોકી, લોકોને ખેતી તરફ વધૂ પ્રેરિત કરી શકાય તેમાટે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સતતચિંતિત છે, તો રાજયની શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર પણ લોકોની સુખાકારી માટે સતત ચિંતિત અને પ્રયત્નશીલ છે. આ માટે સમગ્ર ગુજરાતમા સરકાર દ્વારા ઉદવહન સિંચાઈ યોજના તેમજ હયાત ડેમોનુ રીપેરીંગ અને નવિનિકરણ કરીને, પાણીની સુવિધાઓ પુરી પાડવામા આવી રહી છે. ત્યારે રાજયના છેવાડે આવેલ ડાંગ જિલ્લામા પણ, પાણીની તંગી દૂર કરવા તમામ સુવિધાઓ ઉભી કરી પાણીની સમસ્યા દૂર થાય તે માટે રાજય સરકારની તૈયારીછે. જેમા રાજય સરકાર દ્વારા ડાંગજિલ્લામા તબક્કાવાર જરૂરિયાતમુજબ ડેમો અને વિયર બનાવવામાઆવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે, કે, ડાંગ જિલ્લાની વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિને કારણે અહી ખાબકતા ધોધમાર વરસાદને લીધે ધસમસતા પાણીના આવરાને લીધે ટીપિકલ ડીઝાઈન મુજબ નાનાના ચેકડેમોની આવરદા ખૂબ ટૂંકી રહેવાપામે છે. આવા ચેકડેમોમા નદીના પાણી સાથે કાંપ, માટી, પત્થરો, વૃક્ષો વિગેરે પણ તણાઈ આવતા હોઈ, ચેકડેમોને ભારે નુકશાન પણ થતુ હોય છે. સરવાળે, આવા ચેકડેમો લોકભોગ્ય ન રહેતા, પાણીની સમસ્યાઠેર નીઠેર રહેવાપામે છે. આપરિસ્થિતિના ઉકેલસ્વરૂપે વેર-૨ યોજનાવિભાગ-વ્યારા હસ્તકના જુજ પ્રોજેક્ટ કેનાલસબ ડિવિઝન-૨, આહવા તથાદમણગંગા કેનાલ સબ ડિવિઝન-૩, આહવા દ્વારા રાજ્ય સરકારની મંજૂરી સાથે સૂચિત સ્થળ/નદીના કોતરોની તાંત્રિક શક્યતાઓ ચકાસી, મોજણી, સંશોધન અને આલેખન બાદ ટેન્ડર પ્રક્રિયા અનુસાર મોટા ચેકડેમો બનાવવાની કાર્યવાહી હાથ ધરવામા આવી રહી છે. આ કામગીરી અંતર્ગત ડાંગ જિલ્લામા અત્યાર સુધી દમણગંગા યોજના વર્તુળ-વલસાડ દ્વારા કુલ રૂ.૨૦૧૫.૨૩ લાખના ખર્ચે ૨૪ જેટલાચેકડેમોનુ નિર્માણકાર્ય પૂર્ણ કરવામા આવ્યુ છે. જેની જળ સંગ્રહ શક્તિ ૩૨.૨૭ મીટર ઘનફૂટ અને લાભાન્વિત વિસ્તાર ૮૭૬ હેક્ટર જેટલો થાય છે. તેજ રીતે ઉકાઈ વર્તુળ-ઉકાઈ દ્વારા જિલ્લામા રૂ.૬૨૦૭.૨૪ લાખના ખર્ચે ૧૧૦ ચેકડેમોનુ નિર્માણ કાર્ય સંપન્ન કરાયુ છે. જેની જળ સંગ્રહ શક્તિ ૧૯૨.૯૦ મીટર ઘન ફૂટ તથા લાભાન્વિત વિસ્તાર ૧૯૬૪ હેક્ટર છે.આમ, આ બન્ને વિભાગો દ્વારા કુલ રૂ.૮૨૨૨.૪૭ લાખના ખર્ચે ૧૩૪ ચેકડેમોનુ કામ પૂર્ણ કરાયુ છે. જેનાથી ૨૨૩.૧૭ મીટર ઘનફૂટ જળ સંગ્રહ શક્તિ સાથે ૨૮૪૦ હેક્ટર વિસ્તારને લાભ મળી રહ્યો છે. ઉપરાંત ઉક્ત બન્ને વિભાગોના કુલ રૂ. ૪૭૧૧ લાખની લાગતના અન્ય ૮ જેટલા ચેકડેમોના કામો પ્રગતિ હેઠળ છે. જયારે અને ૨૦૨૪-૨૫ ના વર્ષમા બીજા રૂ. ૧૮૮૮ લાખની કિંમતન કુલ ૧૨ નવા ચેકડેમને રાજ્ય સરકારની વહીવટી મંજૂરી મળવા પામી છે. તો સને ૨૦૨૫-૨૬ ના વર્ષ માટે કુલ રૂ. ૭૭૪૨ લાખની કિંમતના અન્ય ૨૨ ચેકડેમ/વિયરનુ આયોજન પણ ઉક્ત વિભાગોદ્વારા ઘડી કાઢવામા આવ્યુ છે. ડાંગના વહી જતા પાણીને નાના અને મધ્યમ કદના ડેમો/વિયરોના નિર્માણથી ડાંગમાંજ રોકી, ડાંગના લોકોની પાણીની જરૂરિયાત કાયમી રીતે સંતોષવાની દિશામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનીડબલ એન્જીનસરકાર કાર્ય કરી રહીછે. ઉલ્લેખનીય છેકે, વેર-૨ યોજના વિભાગ, વ્યારા હસ્તક ડાંગ જિલ્લામાં બે પેટા વિભાગીય કચેરીઓ કાર્યરત છે. (૧) જૂજ યોજના નહેર પેટા વિભાગ નં. ૨, આહવા અને, (૨) દમણગંગા નહેર પેટા વિભાગનં. ૩, આહવા. સરકારશ્રી દ્વારા આ પેટા કચેરીઓના માધ્યમથી ડાંગ જિલ્લામાંથી પસાર થતી પુર્ણા, ગીરા, ખાપરી, અને અંબિકા નદી પર, તેમજ તેમનીપ્રશાખાઓ ઉપર નાના-મોટા ચેકડેમો તથા વિયર બાંધવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંતજૂના હયાત નુકશાની પામેલા ચેકડેમોના રીપેરની કામગીરી પણ આ કચેરીઓદ્વારા કરવામાંઆવી રહી છે.

વ્યારા કોલેજમાં કોમ્પ્યુટર બેઝિક કોર્સ અને કોલેજને ગૌરવ અપાવનાર વિદ્યાર્થી માટે અભિવાદન કાર્યક્રમ યોજાયો

કમલમ્,

શ્રી ર.ફ. દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી. ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે.કે. શાહ એન્ડ શ્રી કે.ડી.શાહ કૉમર્સ કૉલેજ તથા કે.આર.પી. દરજી ઈન્ડો-અમેરિકનઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, વ્યારા ના ઉપક્રમે બેઝિક કોમ્પ્યુટર કોર્સનો સમાપન સમારોહ તથા રાષ્ટ્રીય સેવા યોજનામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર એન.એસ.એસ. ના સ્વયંસેવકોને યુનિવર્સિટી તરફથી મળેલ મેરીટ સર્ટિફિકેટ વિતરણ અને કૉલેજમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન અભ્યાસની સાથે-સાથે કોલેજની ઈત્તર અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર વિદ્યાર્થીને 'બેસ્ટ સ્ટુડન્ટ-૨૦૨૪-૨૫' એવોર્ડ અર્પણનો કાર્યક્રમ તાપી જિલ્લાના માનનીય કલેક્ટર શ્રીઅનેજિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ડૉ. વિપિન ગર્ગ સાહેબ(IAS)ના અધ્યક્ષસ્થાને વ્યારા કૉલેજ ખાતે યોજવામાં આવ્યોહતો. આ પ્રસંગે કૉલેજના આચાર્યશ્રી પ્રિ.ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ નજીકના દિવસોમાં પાકિસ્તાન સામેના 'ઓપરેશન સિંદુર'માં ભારતના વીર જવાનોના શૌર્ય, સાહસ અને પરાક્રમને યાદ કરી, ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલબિહારી વાજપાઈજીની "હિંદુસ્તાનૅનમીન નાટુરુડા નહી વહે તો બેગીતા નામતા રાહુ પુરુષ

હે" પંક્તિ રજૂ કરી ઉપસ્થિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરી સંચાલક મંડળ, સમગ્ર કૉલેજ પરિવાર અને વિદ્યાર્થીઓના સાથ-સહકારથી કૉલેજે શિક્ષણ, રમતગમત અનેઈત્તર પ્રવૃત્તિઓમાં મેળવેલ સફળતાની વિકાસગાથા રજૂ કરી વર્તમાન સ્પર્ધાત્મક સમયમાં આગળ વધવા કોમ્પ્યુટર શિક્ષણનીખૂબ અનિવાર્યતાછે તેમ જણાવી યુનિવર્સિટી માન્ય સર્ટીફિકેટ કોર્સ કરવાજોઈએ જેની વધારાની ક્રેડીટ મળતીહોય છે એમ જણાવી રાષ્ટ્ર અને સમાજસેવાની પ્રવૃત્તિ માટે આગળ આવવા અનુરોધ કરી તાપી જિલ્લાના વર્તમાન માનનીયકલેક્ટર સાહેબ વ્યારા કૉલેજમાં ઉપસ્થિત રહી સર્વેને પ્રેરણા અને માર્ગદર્શન પૂરા પાડયાતે બદલઆભારની લાગણી વ્યક્ત કરી હતી. વિશિષ્ટ અને ગૌરવપૂર્ણગૌરવપૂર્ણ કાર્યક્રમના અધ્યક્ષ મહોદય અને તાપી જિલ્લાના માનનીય કલેક્ટરશ્રી અનેજિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ડૉ વિપીન ગર્ગ(IAS)સાહેબે કોમ્પ્યુટરનો બેઝિક કોર્સ પૂર્ણ કરનાર તથા એન.એસ.એસ.ના મેરીટ સર્ટીફિકેટસ મેળવનાર અને અભ્યાસની સાથે-સાથે વિવિધ પ્રવૃત્તિમાંભાગ લઈ કોલેજને ગૌરવ અપાવી ૨૦૨૪-૨૫ના વર્ષનો 'બેસ્ટ સ્ટુડન્ટ' એવોર્ડ મેળવનાર T.Y.B.Com.ની વિદ્યાર્થીની કુમારીમાનસી ગામીતનેખુબ ખુબ અભિનંદન પાઠવી રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિમાં ભાગ લઈ આજના યુવાનો-વિદ્યાર્થીઓ દેશ અને સમાજની મહામુલીસેવા કરી શકે છે અને તે માટે વિદ્યાર્થીઓએ પર્યાવરણ જાગૃતિ, વ્યસન મુક્તિ, બ્લડ ડોનેશન અને વૃક્ષારોપણની રાષ્ટ્રઉપયોગી પ્રવૃત્તિમાં સહભાગી બનવું જોઈએ તથા વધુ અભ્યાસ માટે વિદેશમાં જવા માંગતા વિદ્યાર્થીઓ એકેડેમિક ક્રેડીટમાં વધારો કરવા માટે સેવાકીય પ્રવૃતિઓનું કેટલું મહત્વ અને ઉપયોગીબની શકે છે તેમાટે ઘાના અને કેન્યા જેવા વિશ્વના દેશોના ઉદાહરણો આપી સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા શૈક્ષણિકક્ષેત્રે એકેડેમિક ક્રેડીટમાં કઈ રીતે વધારો કરી શકાયછે તેનું માર્ગદર્શન આપ્યું હતું તથા કોલેજ દ્વારા વેકેશનના સમયગાળા દરમિયાન શરૂ કરવામાં આવેલબેઝિક કોમ્પ્યુટર કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓએ હવે કોમ્પ્યુટરનો એડવાન્સ કોર્સ કરવો જોઈએ. આજનોસમય AI ટેક્નોલોજીનો હોય આ દિશામાં આજના વિદ્યાર્થીઓએ કોમ્પ્યુટર ક્ષેત્રમાં આગળવધવું જોઈએ એમ જણાવી સમગ્ર કૉલેજ પરિવાર અને વિદ્યાર્થીઓને ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યા હતા. નાદુરસ્ત તબિયતને કારણે કાર્યક્રમમાં ઉપસ્થિત ન રહી શકનાર કોલેજ સંચાલક મંડળના પ્રમુખશ્રી હસુભાઈ ભક્ત અને મંત્રીશ્રી મહેશભાઈશાહે માનનીય કલેક્ટર સાહેબ આપણી કોલેજમાં ઉપસ્થિત રહેનાર છે તે માટે આનંદની લાગણી વ્યક્ત કરી પ્રસંગોચિત શુભેચ્છા પાઠવ્યા હતા. કોલેજ સંચાલક મંડળના ચેરમેન શ્રી નેવિલભાઈ જોખી, ઉપપ્રમુખશ્રી આયુષભાઈ શાહ, કારોબારી સભ્યશ્રી રોનકભાઈ શાહે કાર્યક્રમની સફળતામાટે કોલેજમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન અને પ્રેરણા પૂરા પાડયા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભાર વિધિ IQAC કમિટીના કો-ઓર્ડિનર પ્રા.ડૉ. ધર્મેશભાઈ પંડ્યા એ કર્યું હતું

ડાંગમાં સ્વયંસેવકો આપદા મિત્રો અને સુરક્ષા દળોને અપાઈ ડિઝાસ્ટરની તાલીમ

દેશમાં પ્રવર્તમાન પરિસ્થિતીને લઇ ડિઝાસ્ટર વિભાગ દ્વારા તાલીમ અપાઇ

કમલમ્,આહવા

દેશમાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ ડાંગ જિલ્લા વહીવટી તંત્રના વડા સુશ્રી શાલિની દુહાનના માર્ગદર્શન હેઠળ ડાંગ જિલ્લા ડિઝાસ્ટર વિભાગ આહવા દ્વારા આપદા મિત્રો અને સુરક્ષા દળો માટે આહવા આઈ.ટી.આઈ તેમજ આહવા પોલીસ તાલીમ ભવન ખાતે ડિઝાસ્ટર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં ડાંગ જિલ્લાના સ્વયંસેવકોઆપદામિત્રો, કોલેજના વિદ્યાર્થીઓ, પોલીસના કર્મચારી, જી.આર.ડી, હોમગાર્ડ તથા એનસીસીનાજવાનોતેમજ આપદા મિત્ર એમ મળીને કુલ ૫૦૦ થી વધુ જવાનોને તાલીમ આપવામાં આવી.ડિઝાસ્ટર વિભાગ દ્વારા તાલીમમાં સંભવિત તાકીદની કોઈપણ પરિસ્થિતી ને પોહચી વળવા પ્રાથમિક સારવાર તથા શોધ અને બચાવ અને ફાયર સેફટીની તાલીમ આપવામાં આવી હતી. સાથે જ પોલીસ કર્મીઓ દ્વારા સિવિલ ડિફેન્સ અંગેની તાલીમ પણ આપવામાં આવી હતી. આ તાલીમમાં ડિઝાસ્ટર મામલતદાર શ્રી યોગેશ ચૌધરી, ડીપીઓ શ્રી ચિંતન પટેલ ,હોમગાર્ડ કમાન્ડન્ટ સહિત સુરક્ષા કર્મીઓ ઉપસ્થિત રહ્યાંહતા.

સુરેન્દ્રનગરના વઢવાણ તાલુકાના કટુડા ગામે પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત લેતાં જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી કે.એસ.યાજ્ઞિક

કમલમ્,સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના કટુડા ગામે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી અંજીરની ખેતી કરતા યુવા ખેડૂત શ્રી મિલન રાવલના મોડેલ ફાર્મની જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી કે.એસ.યાજ્ઞિક દ્વારા મુલાકાત કરવામાં આવી હતી. આ તકે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સમગ્ર ફાર્મનું નિરીક્ષણ કરી તેના વિશેવિસ્તૃત જાણકારી મેળવીહતી. વધુમાં તેમણે અંજીર આગામી સમયમાં આ વિસ્તારમાં આશાસ્પદ પાક તરીકે ઉભરી આવશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. આ મોડેલ ફાર્મની અધેલી, દેવચરાડી, પ્રાણગઢ, ચમારજ સહીતના જિલ્લાનાઅન્ય ગામોના ખેડૂતો મુલાકાત લઈ જાણકારી મેળવીરહ્યા છે.

આ ફાર્મ પર ઈઝરાઈલના કૃષિ નિષ્ણાંત શ્રી યુવલ ચેન તથા તેમની ટીમ દ્વારા માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ મુલાકાતમાં આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી ભરતપટેલે જણાવ્યું કે, પ્રાકૃતિક મોડેલ ફાર્મમાં ઓછા પાણીએ પ્રાકૃતિકકૃષિના અગત્યના ઘટક એવા કાષ્ટાદન દ્વારા ભેજ જળવાઈ રહે છે. જેથી ફાર્મમાં પાણીની વિશેષઆવશ્યકતા રહેતી નથી. તેમજ વાતાવરણીય ભેજ પણ આઆચ્છાદનથીજમીનનેમળેછે. આમ, ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિમાં આચ્છાદન અપનાવવું ખુબ જ જરૂરી છે. અંજીર પાકનું પૌષ્ટિક દ્રષ્ટિએ મહત્વ સમજાવતા નાયબ બાગાયત નિયામક શ્રી મુકેશભાઈ ગાલાવાડીયાએ જણાવ્યું હતું કે, અંજીર એ ફાઈબર, પૌટેશિયમ, મેગ્નેશિયમ તથા કેલ્શિયમથી ભરપૂર છે. એન્ટિઓક્સિડન્ટ પણ સારા પ્રમાણમાં છે, આથી આગામી સમયમાં જિલ્લાવાસીઓને જિલ્લામાં જ પકવેલા તાજા અંજીર મળશે, એમ વધુમાંજણાવ્યું હતું.

ઓપરેશન સિંદૂરમાં ભારતની સ્વદેશી એરપાવરનો વિજય: વાયુસેનાએ નિર્ણાયક અસર સાથે બહુવિધ સ્વદેશી વિકસિત મિસાઈલને તૈનાત કરી

કમલમ્,અમદાવાદ

૧.સ્વદેશીસંરક્ષણ ઉત્પાદન વયની આવેછે. ઓપરેશન સિંદૂર એ ભારતના સંરક્ષણ ક્ષેત્ર માટે ખાસ કરીને લશ્કરી હાર્ડવેર (આત્મનિર્ભર ભારત) માં આત્મનિર્ભરતા હાંસલ કરવાના સંદર્ભમાંએક વોટરશેડક્ષણ તરીકે ચિહ્નિત કર્યું. વાસ્તવિક લડાઈની પરિસ્થિતિમાં પ્રથમ વખત, ભારતીય વાયુસેના (IAF) એ નિર્ણાયક અસર સાથે બહુવિધ સ્વદેશી વિકસિત મિસાઈલ સિસ્ટમ્સ-બ્રહ્મોસ, આકાશ અને બરાક MR-SAM-ને તૈનાત કરી. આ ઓપરેશનલ ઉપયોગ માત્ર પ્રતીકાત્મક ન હતો. આ મિસાઈલ સિસ્ટમ્સ: જીવંત લડાઈમાં તટસ્થ ગંભીર જોખમો, જેમ કે કાઈટ ટર્ટ જેટ, ડ્રોન અને એરબર્ન રડારસિસ્ટમ્સ. યુદ્ધક્ષેત્રની પરિસ્થિતિઓ હેઠળ પ્રદર્શિત વિશ્વસનીયતા, કાઈપણ શસ્ત્ર પ્રણાલી માટેના સૌથી મહત્વપૂર્ણ માપદંડોમાંનું એક. NAVIC સિગ્નલોનો ઉપયોગ કરી શકે તેવી નેવિગેશન સિસ્ટમ્સ દ્વારા માર્ગદર્શિત, પિનપોઈન્ટ સચોટતા સાથે લક્ષ્યોને હિટ કરો. લાંબા સમયથી આયાત દ્વારા પ્રભુત્વ ધરાવતા ડોમેનમાં ભારતીય R&D, DRDO અનેસંયુક્ત ઉત્પાદન સાહસોની અસરકારકતા ની પુષ્ટિ કરી.ભારતના પરિપક્વ થતા સંરક્ષણ ઔદ્યોગિક આધારનું આ એક શક્તિશાળી સમર્થન છે, જે તેને માત્રએક ગ્રાહક તરીકે નહીં, પરંતુ અત્યાધુનિક શસ્ત્ર પ્રણાલીના ગંભીર વૈશ્વિક સપ્લાયર તરીકે સ્થાન આપે છે.

૨.મિસાઈલસિસ્ટમ્સ જેણે સગાઈને કરીથી વ્યાખ્યાયિત કરી

બ્રહ્મોસ – ભારતીય મિસાઈલ શક્તિનો ભાલો રશિયા સાથે સંયુક્ત રીતે વિકસિત, તેમ છતાં નોંધપાત્ર ભારતીય ઉત્પાદન અને વિકાસ પદચિહ્ન સાથે.એરફોર્સ,આર્મી અનેનેવી – ત્રણેય સેવાઓમાં વપરાય છે.ભારતીય વાયુસેના પાસે બ્રહ્મોસના સરફેસ-લૉન્ચ્અને એર-લોન્ચ વર્ઝન છે.ભારતીય સેના પાસે બ્રહ્મોસનું સરફેસ-લૉન્ચ વર્ઝન છે. ઓપરેશન સિંદૂર દરમિયાન, ભારતીય વાયુસેના દ્વારા સરહદી વિસ્તારોમાંથી છોડવામાં આવેલી બ્રહ્મોસ મિસાઈલોએ ચોકકસ ચોકસાઈ સાથે પાકિસ્તાનનીઅંદરના વ્યૂહાત્મક લક્ષ્યોને ત્રાટક્યા હતા. ભારતીય વાયુસેનાના Su-30 MKI એરફ્રાફટે પાકિસ્તાનની અંદરના ટાર્ગેટ પર એર-લોન્ચ કરેલા બ્રહ્મોસનેગોળીબાર કર્યોહતો. દરેક Su-30 MKI તેના કદ અને વજનનકારણે 1 બ્રહ્મોસ મિસાઈલ લઈ જઈ શકે છે. બ્રહ્મોસની ગતિ ઊર્જા તેની ઊંચી ઝડપ—મેક ૨.૮ — અને ભારે વજનને ફરણે અજોડ છે. સરગોધા, જે કોબાબાદ, ભોલારી, ચકલાલા અને નૂર ખાન જેવા વ્યૂહાત્મક સ્થાપનો સાથેના પ્રીમિયર PAF એરબેઝ પરના લક્ષ્યોને હવાઈ પ્રક્ષેપિત બ્રહ્મોસ દ્વારા ફટકો પડ્યો છે. ૬૦૦ કિમી સુધીની રેન્જ, સુપરસોનિક સ્પીડ અને પિનપોઈન્ટ એક્યુરસી સાથે, બ્રહ્મોસ લાંબા સમયથી સેવામાં છે અને તેણેતેની લડાઈ ક્ષમતા સાબિત કરી છે. આ સફળતા ભારતના નિકાસપ્રમાણપત્રોને વેગઆપે છે, ખાસ કરીને કારણ કે ૧૨ દેશો સક્રિયપણે તેને મેળવવા માટે વાતચીત કરી રહ્યા છે, ફિલિપાઈન્સને અત્યાર સુધીમાં બ્રહ્મોસ મિસાઈલની બે બેચ મળી ચૂકી છે.

આકાશ – ઝડપી, સ્વદેશી અને ખર્ચ-અસરકારક

DRDO દ્વારા વિકસિત સંપૂર્ણ સ્વદેશી ટૂંકી અને મધ્યમ-રેન્જની સરફેસ ટુ એર મિસાઈલ (SAM).ચીન અને પાકિસ્તાન દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવેલા પાકિસ્તાની JF-17 ફાઈટર એરફ્રાફ્ટને સફળતાપૂર્વક અટકાવીઅને તેનોનાશ કર્યો.તેણે પાકિસ્તાન દ્વારા શરૂકરાયેલાઅન્ય હવાઈધમકીઓનો નાશ કર્યો. આ એક સબ અવરોધ ચીની નિર્મિત લડાયક વિમાનો પરના વિશ્વાસને ગંભીરપણે નબળી પાડે છે, ખાસ કરીને એવા દેશોમાં જેઓ પશ્ચિમી જેટ અને મિસાઈલ પ્રણાલીઓના પરવરે તેવા વિકલ્પો શોધી રહ્યા છે.તેની આછીકિંમત ઉચ્ચ ચપળતા અને ઉચ્ચ હત્યાની સંભાવના નાટ્યાત્મકરીતેમૂલ્ય-એન્જિનીયર્ડ ભારતીય તકનીકની શક્તિનું પ્રદર્શન કરે છે. બરાક-8 MR-SAM – ભારત-ઈઝરાયેલ સહયોગનું પ્રતીક નામ સૂચવે છે તેમ, તે એક મધ્ય-મ-અંતર ની સપાટીથી હવામાં મિસાઈલ (MR-SAM) સિસ્ટમ છે જે ભારતના DRDO અને ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સહ-વિકસિત છે. MR-SAM નો ઉપયોગ ભારતીય વાયુ સેના, ભારતીય સેના અને ભારતીય નૌકાદળ દ્વારા કરવામાં આવેછે. MR-SAM નુંસિસ્ટમ રેન્જ વર્ઝન વિકાસ હેઠળ છે અને તેનીરેન્જ 140km સુધીહોઈશકે છે. આ સિસ્ટમોને સુમેળમાં મોટી સંખ્યામાંતૈનાત કરવાની IAFની ક્ષમતાએક સંકલિતનેટવર્ક કેન્દ્રિત હવાઈ યુદ્ધ ક્ષમતાનેપ્રતિબિંબિત કરે છે, જે સ્વદેશી અને સહ-વિકસિત પ્લેટફોર્મ પર બનેલ છે. તેણે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનદ્વારા શરૂકરાયેલા ડ્રોન, મિસાઈલ અને એરફ્રાફ્ટ જેવા હવાઈ જોખમોનેનિષ્ક્રિય કરવામાં તેની અસરકારકતાસાબિત કરી.

૩.ચીન અને તુર્કી માટે પ્રત્યાઘાતોઃ વિશ્વસનીયતા પર ફટકો ઓપરેશન દરમિયાન ચીની અનેતુર્કી મૂળની શસ્ત્ર પ્રણાલીઓની નિષ્ફળતા તમામ વૈશ્વિક સંરક્ષણ નિકાસ પર ગંભીર અસરો ધરાવે છે. પશ્ચિમી અને સ્વદેશી રીતે વિકસિત તજસ એરફ્રાફ્ટના બજેટ-ફેંડલીવિકલ્પો તરીકેપ્રમોટ કરાયેલ ચાઈનીઝ JF-17 લડાયક એરફ્રાફ્ટ ભારતીય સપાટીથી હવામાં પ્રહાર કરતા મિસાઈલો માટે સંવેદનશીલ હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. આકાશ અને MR-SAM દ્વારા તેમના વિનાશએ આર્જેન્ટિના, બ્રાઝિલ, ઈજિપ્ત, મ્યાનમાર, નાઈજીરીયા વગેરે જેવાસંભવિત ખરીદદારોમાં લાલ ઝંડોઉભા કર્યાછે. HQ-9 અને HQ-16 હવાઈ સંરક્ષણ પ્રણાલી, હવાઈ હુમલા સામે શક્તિશાળી ઢાલ તરીકે પ્રમોટ કરવામાં આવી, આધુનિક હવાઈ જોખમો માટે સંવેદનશીલ સાબિત થઈ. તુર્કમેનિસ્તાન, ઉઝબેકિસ્તાન અને ઈરાક જેવા સંભવિત ખરીદદારોઆકાશ એસ્કેએમને તેના ઉત્તમ પ્રદર્શન માટે વિચારી શકે છે. પાકિસ્તાન દ્વારા ઉપયોગમાં લેવાતા તુર્કીના ડ્રોનપણ અસરકારક રીતે IAF એર ડિફેન્સનો ભંગ કરવામાં નિષ્ફળ ગયા અને ઢાંનો મધ્ય-હવાને તટસ્થકરવામાં આવ્યા અથવા ઈલેક્ટ્રોનિક રીતે જામ થઈ ગયા. અઝરબૈજાન વિ આર્મેનિયા, લિબિયા અને યુક્રેન જેવા સંઘર્ષમાં વૈશ્વિક દેશ્યતા મેળવનાર તુર્કીના બાયરાક્ટર ડ્રોનનોહવેવિશ્વસનીય અને મજબૂત હવાઈ સંરક્ષણ પ્રણાલી સામે અસરકારકતા અંગે પ્રશ્નોનો સામનો કરવો પડે છે. અવિશ્વસનીયતાની ધારણા, ખાસ કરીને સ્વદેશી ભારતીય પ્રણાલીઓનાચહેરામાં, ચાઈનીઝ અથવા તુર્કી પ્લેટફોર્મ પર આધાર રાખતા દેશોને અટકાવી શકે છે, ખાસ કરીને જેઓ પર્યાપ્ત વેચાણ પછીના સમર્થન અથવા તકનીકી ઊંડાણનાં અભાવ છે. તેનાથી વિપરિત, ભારતનું દેખીતી રીતે સફળ સંરક્ષણ હાર્ડવેર, નીચા ખર્ચ અને ટેકનોલોજી ટ્રાન્સફરની સંભવિતતા સાથે, ખાસ કરીને એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના દેશો માટે એક સક્ષમ વિકલ્પ રજૂકરે છે.

નિષ્કર્ષ: ભારતના સંરક્ષણ ઉદ્યોગ માટે ટર્નિંગ પોઈન્ટ: ઓપરેશન સિંદૂરએ આતંકવાદને પ્રોત્સાહન આપનારાઓ પર ભારે ખર્ચ લાદવાનો ભારતનો સંકલ્પ દર્શાવ્યો અનેવૈશ્વિક મંચપર એક જવાબદાર શસ્ત્ર ઉત્પાદક તરીકે તેની વધતી સ્થિતિનું સંદર્ભ પણ દર્શાવ્યો છે. જીવંત લડાઈમાં નિષ્ણાયક રીતે બ્રહ્મોસ, આકાશ અને MR-SAM સિસ્ટમોનો ઉપયોગ કરીને, ભારતે આક્રમક અને રક્ષણાત્મક પ્રણાલીઓમાં આત્મનિર્ભરતા તરફ મોટી છલાંગ લગાવીછે. આપ્લેટફોર્મ્સનું પ્રદર્શન સંરક્ષણ અને એરોસ્પેસ ક્ષેત્રમાં નવીનતા લાવવા અને વિશિષ્ટ બનાવવામાટે ઘણા વધુ સ્ટાર્ટઅપ્સ અને સ્થાપિત મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમને પ્રેરણાઆપશે.

અમદાવાદ હાટ ખાતે કૃષિ મંત્રી રાઘવજી પટેલે 'કેસર કેરી મહોત્સવ-૨૦૨૫'નો શુભારંભ કરાવ્યો

કમલમ્,અમદાવાદ

કૃષિ મંત્રી રાઘવજી પટેલે અમદાવાદ હાટ ખાતે 'કેસર કેરી મહોત્સવ-૨૦૨૫'નો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે શહેરના મેયર પ્રતિભાબહેન જૈન, રાજ્યસભા સાંસદ નરહરિ અમીન તથા વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકર ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી સહિતના મહાનુભાવોએ ઉદ્ઘાટન બાદ કેરીના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લીધી હતી તથા કેરીની વિવિધ જાતો તથા ફ્રેનિંગ પ્રોડક્ટ્સ નિહાળી હતી. મંત્રીશ્રીએ સ્ટોલ ધારકો સાથેસંવાદ પણ સાધ્યો હતો. કૃષિમંત્રી રાઘવજી પટેલે'કેસર કેરી મહોત્સવ-૨૦૨૫'નેખુલ્લી મૂકતા જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએગુજરાતમાંવર્ષ ૨૦૦૩થી કેસર કેરી મહોત્સવની શરૂઆતકરાવીહતી.ત્યારબાદ દર વર્ષે ઉનાળા દરમિયાન આ કેરી મહોત્સવનું આયોજન રાજ્ય સરકારદ્વારા કરવામાં આવેછે. આ વર્ષે પણ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓના કેરી પકવતા ખેડૂતો, ખેડૂત મંડળીઓ અને નેચરલ ફાર્મિંગ FPO ને સાથે લાવીને 'કેસર કેરી મહોત્સવ-૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે. શહેરીજનો કેસર કેરી મહોત્સવનો મહત્તમ લાભ લે અને ઉચ્ચ ગુણવત્તાવાળી કાર્બાઈડ ફ્રી કેસર કેરીની મીઠાશને માણે, એવો મંત્રીએ અનુરોધ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે કેસર કેરી મહોત્સવ-૨૦૨૫માં આશરે ૨૫ જેટલા સ્ટોલ્સ વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે. આ મહોત્સવમાં તલાલા-ગીર, જૂનાગઢ, અમરેલી, કચ્છ, વલસાડ અને નવસારી જેવા પ્રદેશોની સુપ્રસિદ્ધ અને સ્વાદિષ્ટ કેરીઓ પકવતા ખેડૂતો અને વેચાણ કરતી સંસ્થાઓ સહભાગી બની છે. આમ, આમહોત્સવ રસાયણમુક્ત કેરીની ખરીદીનુંસ્થળજ નહીંબની રહેતા, શહેરી ગ્રાહકો અને ગ્રામ્ય ઉત્પાદકો વચ્ચે સીધા સંવાદ અને વિશ્વાસનું માધ્યમ બનીરહેશે. કેરી પકવતા ખેડૂતો તેમની કાર્બાઈડ ફ્રી કેરી સીધીશહેરી ગ્રાહકોને વેચી શકે તે માટે રાજ્ય સરકાર 'કેસર કેરી મહોત્સવ' જેવું એક માધ્યમ પૂરું પાડીને ખેડૂતોને સહાયરૂપ બની રહી છે.

આ પ્રસંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગભાઈ દાણી, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના એમ. ડી. વિજય ખરાડી, કૃષિ અને બાગાયત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે DoPT દ્વારા સ્પૈચ્છિક રકતદાન ઝુંબેશ શરૂ કરી

"અમે રકતદાનના નાના પણ માનવીય સંકેત દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંકલ્પ અને પ્રતિબદ્ધતાની સાથે ઉભા છીએ" : ડો. જિતેન્દ્ર સિંહ કહે છે

કમલમ્,

ભારતના સંરક્ષણદળોઅને રાષ્ટ્રીય સેવાના વિશાળ હેતુ સાથે એકતાના હૃદયપૂર્વકના સંકલ્પમાં, કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે સ્વૈચ્છિક રકતદાન શિબિરનું ઉદ્ઘાટન કર્યુ હતું. આ શિબિરનું આયોજન નાર્થ બ્લોક ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ (DoPT) દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યાં ૧૫૦થી વધુ કર્મચારીઓએ રકતદાન કર્યું હતું. વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય વતી ડૉ. જિતેન્દ્ર સિંહ દ્વારા ઓબ્ઝર્વર ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે આવી જ રકતદાન શિબિર શરૂ કરવામાં આવી હતી. મંત્રાલય સરકારના કર્મચારી,જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય દ્વારા ભારતીય રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી આયોજિત સ્વૈચ્છિક રકતદાન શિબિરમાંસંબોધન કરતા, ડૉ. જિતેન્દ્ર સિંહે રાષ્ટ્રીય કલ્યાણ પ્રત્યે મંત્રાલયની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતુંકે આમ્રવાલય આવી પહેલ શરૂ કરનાર મંત્રાલયોમાં પ્રથમ છે, જે ફક્ત કર્મચારીઓના સંચાલન પર જ નહીં પરંતુ તાલીમ, કામના નિર્માણ અને નાગરિકોમાં કરુણાપૂર્ણ ભાવનાને પ્રોત્સાહન આપવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે. ડૉ. જિતેન્દ્ર સિંહે દાતાઓ સાથે વ્યક્તિગત રીતે વાતચીત કરી, તેમની નિઃસ્વાર્થ સેવાને બિરદાવી અને રકતદાનને લગતી સામાન્ય ગેરમાન્યતાઓને દૂર કરી. એક પ્રખ્યાત એન્ડોક્રિનોલોજિસ્ટ તરીકેની તેમનીતબીબી કુશળતાનો ઉપયોગ કર્યો હતો, મંત્રીએ એવી પણ જાહેરાત કરી કે આગામી અઠવાડિયામાં કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય હેઠળના તમામ વિભાગો અને સંસ્થાઓમાં સમાન રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવશે. આ પ્રયાસનો ઉદ્દેશ્ય એક મજબૂત અનેવૈધિધ્યસભર રાષ્ટ્રીય રકતપૂલસ્થાપિત કરવાનો છે. જેને કટોકટી દરમિયાન ઝડપથી એકત્રિત કરી શકાય. "આ પહેલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનને પ્રતિબિંબિત કરે છે, જેમના રાષ્ટ્ર સેવા પ્રત્યેના સંકલ્પ અને પ્રતિબદ્ધતાને આ નાના છતાં અર્થપૂર્ણ પગલા દ્વારા સમર્થન આપવાનો અમનેગર્વ છે," ડો. સિંહે ઉમેર્યું હતું. કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય ભારતીય રેડ ક્રોસ સોસાયટી, તમામ સહભાગી સંસ્થાઓ અને આ ઉમદા કાર્યમાં યોગદાન આપનાર દરેક વ્યક્તિનો હૃદયપૂર્વક આભાર માને છે. આ મહત્વપૂર્ણ દિવસ ફક્ત ભારતીય વિજ્ઞાનની ભાવનાનીઉજવણી જ નથી કરતો, પરંતુ રાષ્ટ્ર નિર્માણ અને રાષ્ટ્રીય સેવા પ્રત્યે મંત્રાલયની ચાલુ પ્રતિબદ્ધતાને પણ પુનઃપુષ્ટિ કરે છે.

ભાવનગર બન્યું તિરંગામય : કેન્દ્રિય રાજ્ય મંત્રીશ્રી નિમુબેન બાંભણીયાની ઉપસ્થિતિમાં તિરંગાયાત્રા યોજાઈ

મોતીબાગ ટાઉન હોલથી શહીદ સ્મારક સુધી તિરંગાયાત્રાનું ઠેર ઠેર પુષ્પવર્ષાથી સ્વાગત કરાયું

વિવિધ સંસ્થાઓ, એનજીઓ તેમજ ભાવેણાવાસીઓ તિરંગાયાત્રામાં જોડાયા

કમલમ્,

ઓપરેશન સિંદૂરની સફળતાની ઉજવણીના ભાગરૂપેભાવનગરમાં કેન્દ્રિય રાજ્ય મંત્રી શ્રીમતીનિમુબેન બાંભણીયાની ઉપસ્થિતીમાં મોતીબાગ ટાઉન હોલથી શહીદ સ્મારક સુધી ભવ્ય તિરંગાયાત્રા યોજાઈ હતી.

મોતીબાગ ટાઉન હોલ ખાતેથી મંત્રીશ્રીએ ભાવસિંહજીની પ્રતિમાને ફૂલહાર પહેરાવીને તિરંગયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. સરહદે યુદ્ધની પરિસ્થિતિમાં આતંકીઓને હંફવનાર વીર જવાનોના શૌર્યને સન્માન વા યોજાયે લી આ તિરંગા યાત્રામાં દેશભક્તિનોમાહોલ ઠેર ઠેર જોવા મળ્યો હતો. મોતીબાગ ટાઉન હોલ, ગુપ્ત ચોક, ખારગેટ, મામાકોઠા રોડ, હલુરિયા ચોક, શહીદ સ્મારક સુધીના રૂટ પર લોકોએ પુષ્પવર્ષાકરીને તિરંગાયાત્રાનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત કર્યું હતું. તિરંગાયાત્રામાં હજારોની સંખ્યા માં નાગરિકો, વિવિધ સંસ્થાના આગેવાનો, એન.સી.સી., સી.આર.પી.એફ. અને પોલીસનાજવાનો તેમજ આર્મી, નેવી, એરફોર્સના જવાનો, પૂર્વ સૈનિકો સહિતના ભાવેણા વાસીઓ જોડાયા હતા. શૌર્યવાન અને પરાક્રમી ભારતીય સેના દ્વારા પાકિસ્તાન પર કરાયેલી કાર્યવાહીને બિરદાવવા, ઓપરેશન સિંદૂરની સફળતાના ભાગરૂપેભાવનગર શહેરમાંયોજેલ ભવ્ય તિરંગાયાત્રામાં"સિંદૂર ટેક" આકર્ષનું કેન્દ્ર બની હતી. આ તિરંગા યાત્રામાં મેયર શ્રી ભરતભાઈ બારડ, ધારાસભ્ય શ્રી જીતુભાઈ વાઘાણી, ધારાસભ્ય શ્રીમતી સેજલ બેન પંડ્યા, જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. મનિષકુમાર બંસલ,મ્યુનિસિપલ કમિશનર શ્રીએન. કે. મીના, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હનુલ ચૌધરી, પોલીસ અધિક્ષક ડૉ. હર્ષદ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી રાજુભાઈ રાબડીયા, આગેવાન શ્રી કુમારભાઈ શાહ સહિત જિલ્લાની વિવિધ સંસ્થાઓ, એનજીઓના અગ્રણીઓજોડાયા હતા.

તિરંગા યાત્રામાં દેશભક્તિના રંગે રંગાયું સુરત: 'ભારત માતા કી જય'ના નારાથી ગુંજી ઉઠ્યો રાજમાર્ગ

ભારતીય સેનાએ અદ્ભૂત શૌર્ય સાથે પાકિસ્તાનના ઘરમાં ઘુસીને આતંકવાદીઓનો ખાત્મો કર્યોઃ શ્રી પાટિલ

ભારતીય સેનાના સન્માનમાં સુરતમાં કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર. પાટીલે 'તિરંગા યાત્રા'ને ફ્લેગ ઓફ કરાવ્યું

કમલમ્,

જમ્મુ-કાશ્મીરના પહેલગામ ખાતે નિર્દોષ પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાની ઘટના બાદ ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' દ્વારા મા ભારતીને તથા આપણા તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા સુરતના ભાગળથી ચોક બજાર ત્રિકલા સુધીની તિરંગાયાત્રા યોજાઈ હતી. ભારતીય સેનાના સન્માન માટે આયોજિત તિરંગા યાત્રાને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું.કેન્દ્રીય મંત્રીસી.આર. પાટીલે જણાવ્યું હતુંકે, ભારતીય સેનાએ

આતંકવાદીઓને પાળીપોષી રહેલા પાકિસ્તાન પર પ્રહાર કરીને ભારતીય સેનાએ પોતાની અમાપ શક્તિ અને સામર્થ્યનો દુનિયાને પરિચય કરાવ્યો

પુરુષો સિંદૂર તિલક કરી અને મહિલાઓ લાલ સાડી સાથે સેંથામાં સિંદૂર પૂરી તિરંગા યાત્રામાં જોડાયા

અદ્ભૂત શૌર્ય સાથે 'ઓપરેશન સિંદૂર' હાથ ધરી પાકિસ્તાન ના ઘરમાં ઘુસીને આતંકવાદીઓના અડ્ડાઓ પર મિસાઈલ વરસાવી સેંકડો આતંકવાદીઓનો ખાત્મા કર્યો છે. 'ઓપરેશન સિંદૂર' ભારતવાસીઓની ભાવનાનું પ્રતિબિંબ છે. ભારતીય સેનાએ પહલગામમાંઆંતકવાદી હુમલાનો બદલો લીધોછે. વિશ્વ આખું ભારતના સૈન્ય અને એર ફોર્સની સમતા અને બહાદુરીથી અચંબિત થઈ ગયા છે. શ્રી પાટીલે કહ્યું કે, બહેનોના માથેથીસિંદૂર ઉજડનાર આતંકીઓના બર્બર કૃત્યનો બદલો લેવાનુ વડાપ્રધાનશ્રીએ દેશને આપેલુ વચન ભારતીય સેનાએ શૌર્ય અને વીરતાસથે પૂર્ણ કર્યું છે, આતંકવાદીઓને પાળીપોષી રહેલા પાકિસ્તાન પર પ્રહાર કરીને ભારતીય સેનાએ પોતાની અમાપ શક્તિ અને સામર્થ્યના દુનિયાન પરિચય કરાવ્યો છે. ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ પાકિસ્તાને ભારત પર હુમલો કરવાની ગુસ્તાખી કરી છે ત્યારે ભારત જડબાતોડ જવાબ આપ્યો છે. ઉપરાંત, પાકિસ્તાન સાથે થયેલા તમામ યુદ્ધોમાં કારમી પછડાટ આપી છે.હવે પાકિસ્તાનભારત પર આંખ ઉઠાવતા પહેલા સો વાર વિચારશે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. ભારતીય સેનાએ મા ભારતીને તથા તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા દેશભરમાં તિરંગા યાત્રામાં પુરુષો સિંદૂર તિલક કરી અને મહિલાઓ લાલ સાડી સાથે સેંથામાં સિંદૂર પૂરી જોડાયા હતા. મોટી સંખ્યામાં દિવ્યાંગજનો, પૂર્વ સૈનિકો,તબીબી અને નર્સિંગ સ્ટાફ, મુસ્લિમ બંધુઓએ યાત્રામાં જોડાઈને 'ભારતમાતાકીજય અને વંદે માતરમ્'ના જય ઘોષ સાથે ભારતીય સૈનિકોના અભૂતપૂર્વ પરાક્રમને બિરદાવ્યું હતું. યાત્રા ૩૨માં રોડની બંને તરફ રાષ્ટ્રભક્તિના ગીતો અને રાષ્ટ્રભાવના વ્યક્ત કરતા નારાઓ સાથે લોકોએ હાથમાં તિરંગો લઈ યાત્રાને આવકારી હતી. તિરંગા યાત્રામાં સાંસદ પ્રભુભાઈ વસાવા, મેયર દક્ષેશભાઈ માવાણી, ધારા સભ્યો રોડની બંને તરફ દર્શનાબેન જરદોશ, જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધી, મ્યુ.કમિશનર શાલિની અગ્રવાલ, કોર્પોરેટરો, પદાધિકારીઓ, ઉદ્યોગપતિઓ, પૂર્વસૈનિકો, વિવિધ એનજીઓ, શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ, NC C કેડેટ્સ, શિક્ષકો, તબીબો, વ્યાપારીઓ, સંતો-મહંતો સહિત મોટી સંખ્યામાં શહેરીજનોજોડાયા હતા.

રક્તદાન મહાદાન, રક્તદાન રાષ્ટ્રસેવા : ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભી

કમલમ્,
રાજ્ય સરકારદ્વારા સરહદી વિસ્તારોમાંવધતાતણાવને ધ્યાનમાં રાખીને બ્લડ બેંકોને મહત્તમ રક્ત એકત્રિત કરવાનાનિર્દેશ આપ્યામાં આવ્યાછે. આઅનુસંધાને, બાવળા તાલુકામાંબે સ્થળોએ બ્લડ ડોનેશન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભીએ ઉપસ્થિત રહીને રક્તદાનને મહાદાન ગણાવીને સૌને દેશ સેવામાં સહભાગી થવા માટે અપીલ કરી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાવીઠાખાતેમાનનીય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. શૈલેષ પરમારના માર્ગદર્શન હેઠળ બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. આ પ્રસંગેબાવળા તાલુકા ભાજપ પ્રમુખ શ્રી ચેતનસિંહ ગોહિલ, બાવળા તાલુકા ભાજપ મહામંત્રી, બાવળા તાલુકા ભાજપ ઉપપ્રમુખ, કાવીઠા ગામના સરપંચશ્રી, લોક આગેવાન શ્રી ભૂપતસિંહ રાઠોડ, શ્રી બળવંતસિંહ ગોહિલ, શ્રી દિનભાઈ મુખીતેમજ તાલુકાહેલ્થ ઓફિસર શ્રી ડૉ. રાકેશ મહેતા અને ડૉ. અંકિતાબેન રબારી પણ ઉપસ્થિત રહ્યાહતા. તે જ રીતે, મામલતદાર ઓફિસ બાવળા ખાતે પણ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં અમદાવાદ રેડ ક્રોસ સોસાયટી, નવરંગપુરાના કેમ્પ ઈન્ચાર્જ શ્રીમતીસોનલબેન કટારા અને તેમની ટીમ, જેમાં મેડિકલ ઓફિસર શ્રી ડૉ. આનંદ, લેબ. ટેક. શ્રી નયલભાઈ, લેબ. ટેક. શ્રી રાજેશભાઈ, લેબ. ટેક. કુ. ખુશીબેન અને ટીમના અન્ય સભ્યોએ સહયોગ આપ્યો હતો. મામલતદાર શ્રી ઘનશ્યામભાઈ પટેલ, નાયબ મામલતદાર મહેસુલ, નાયબ મામલતદાર પુરવઠા, નાયબ મામલતદાર ઈ. ધરા, સર્કલ ઓફિસર અને કચેરીના અન્ય સ્ટાફ તેમજ તાલુકા હેલ્થ

ઓફિસમાંથી તાલુકા હેલ્થ સુપરવાઈઝર પણ આ કેમ્પમાં હાજર રહ્યાહતા અને કેમ્પને સફળ બનાવ્યો હતો.

સૌર ઊર્જા ક્ષેત્રે અગ્રેસર ગુજરાત, પીએમ સૂર્ય ઘર યોજનામાં સૌથી વધુ ૩૪% યોગદાન







- ૧૧ મે ૨૦૨૫ સુધી ગુજરાતમાં ૩.૩૬ લાખ સોલર રૂફટોપ પેનલ્સ સ્થાપિત કરવામાં આવી
- ગુજરાતના ૩.૦૩ લાખ ગ્રાહકોને કેન્દ્ર સરકાર તરફથી મળી ૨૩૬૨ કરોડની સબસિડી
- ગુજરાતમાં સ્થાપિત ૩.૩૬ લાખ સોલર રૂફટોપ પેનલ્સ દ્વારા ૧૨૩૨ મેગાવોટ ઊર્જાનું ઉત્પાદન
- આ ઊર્જા ઉત્પાદનથી ૧૨૮૪ મેટ્રિક ટન કોલસાની બચત થઈ અને ૧૫૦૪ મેટ્રિક ટન CO_2 ઉત્સર્જનમાં ઘટાડો થયો

કમલમ્, ગાંધીનગર
વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતે ફરી સાબિત કરીબતાવ્યું છેકે, નીતિગત દૃઢતા, વહીવટી કાર્યક્ષમતા અને જન ભાગીદારીનો સમન્વય કોઈપણ યોજનાને રાષ્ટ્રીય સફળતામાં પરિવર્તિતકરી શકે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ, પીએમ સૂર્ય ઘર મુફતબિજલી યોજના માટે રાજ્ય સરકારે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે નિર્ધારિત ૩.૦૫ લાખ સોલાર રૂફટોપ પેનલ્સના ઈન્સ્ટોલેશનનો લક્ષ્યાંક સમય પહેલાં જ પ્રાપ્ત કરીલીધો છે.

પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ સોલર પેનલ ઇન્સ્ટોલેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર

રાજ્ય સરકારની સંસ્થા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર, ૧૧ મે ૨૦૨૫ સુધીમાં ગુજરાતમાંપીએમ સૂર્યઘર યોજના હેઠળ ૩.૩૬ લાખ સોલર રૂફટોપ પેનલ્સસ્થાપિત કરવામાંઆવી છે. આ આંકડો દેશમાંઅન્ય રાજ્યોની સરખામણીમાં સર્વાધિક છે. આ યોજનાના સફળ અમલીકરણને કારણે, આજે ગુજરાત સોલર રૂફટોપ ઈન્સ્ટોલેશનમાં દેશમાં ૩૪% યોગદાન આપી રહ્યું છે. ઉલ્લેખનીય છેકે, આયોજના હેઠળ ગુજરાતના ૩.૦૩લાખ ગ્રાહકોને કેન્દ્રસરકાર દ્વારા ૨૩૬૨ કરોડની સબસિડી આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આ યોજના હેઠળ ગુજરાતના ૩.૦૩ લાખ ગ્રાહકોનેકેન્દ્ર સરકાર દ્વારા ૨૩૬૨ કરોડની સબસિડીઆપવામાં આવી છે.

પીએમ સૂર્ય ઘર મુફત બિજલી યોજનાનું સફળ અમલીકરણ કરનારાટોચના પાંચ રાજ્યોની વાતકરીએ તોપ્રથમ ક્રમે ગુજરાત બાદ, મહારાષ્ટ્ર ૧.૮૯ લાખ સોલર રૂફટોપ પેનલ ઈન્સ્ટોલેશન્સ સાથે બીજા ક્રમે છે. ઉત્તર પ્રદેશ ૧.૨૨ લાખ ઈન્સ્ટોલેશન સાથે ત્રીજા ક્રમે, કેરળ ૯૫હજાર ઈન્સ્ટોલેશન સાથે ચોથા ક્રમે અને રાજસ્થાન ૪૩ હજાર ઈન્સ્ટોલેશન સાથેપાંચમા ક્રમે છે.

૧૨૮૪ મેટ્રિક ટન કોલસાની બચત થઈ, ૧૫૦૪ મેટ્રિક ટન CO_2 ઉત્સર્જનમાં ઘટાડો થયો

GUVNLના આંકડા અનુસાર, ગુજરાતમાં 'પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના' હેઠળ સ્થાપિત ૩.૩૬ લાખ સોલર રૂફટોપ સિસ્ટમ દ્વારા ૧૨૩૨ મેગાવોટથી વધુ ઊર્જાનું ઉત્પાદન થયું છે, જે પરંપરાગત વીજ ઉત્પાદનના ૧૮૩૪ મિલિયન યુનિટજેટલું છે. જો આટલીજ ઊર્જા કોલસા આધારિત પ્લાન્ટ માંથી ઉત્પન્ન કરવામાં આવી હોત, તો લગભગ ૧૨૮૪ મેટ્રિક ટન કોલસાનો વપરાશ થયો હોત. આ બચતને કારણે વાતાવરણમાં ૧૫૦૪ મેટ્રિક ટન કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનમાં પણ ઘટાડો થયો છે.

પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના શું છે અને તેના લાભ કોને મળી શકે છે?

પીએમ સૂર્ય ઘર મુફત બિજલી યોજનાની શરૂઆત ફેબ્રુઆરી ૨૦૨૪માંવડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી. આ યોજનાહેઠળ નાગરિકોને ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી આપવાની સાથે 3 kW સુધીની સિસ્ટમ પર ૭૮ હજાર સુધીની સબસિડી આપવામાંઆવે છે. છત ધરાવતો કોઈપણ ઘરમાલિક આ યોજના માટે પાત્ર છે. અરજીની પ્રક્રિયા સરળછે અને https://pmsuryaghar.gov.in પર જઈને ઓનલાઈન કરીશકાય છે.

વહીવટી કાર્યક્ષમતા અને જનભાગીદારીના સહયોગથી ગુજરાત બન્યું શ્રેષ્ઠ

ગુજરાતમાં પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજનાની અભૂતપૂર્વ સફળતામાં વહીવટીતંત્રની દૂરંદેશી કામગીરીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, સાથે અહીંની જાગૃત જનતા અને સ્થાનિક સંસ્થાઓની સક્રિય ભાગીદારીએ પણ નોંધપાત્ર યોગદાન આપ્યું છે. રાજ્ય સરકારે દરેક ગામ અને શહેરમાં વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવીને નાગરિકોને યોજનાના લાભો વિશે માહિતગાર કર્યા અને અરજી પ્રક્રિયાને સરળ અને સુલભ બનાવી. આ સમન્વિત અને સમર્પિત પ્રયાસો આજે ગુજરાતને નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રમાં દેશ માટે એક આદર્શ મૉડલ તરીકે સ્થાપિત કરીરહ્યા છે.

જામનગર ખાતે ભવ્ય તિરંગા યાત્રાની દેશભક્તિમાં રંગાયા નાગરિકો

કમલમ્, જામનગર
પહેલગામ ના આતંકવાદી હુમલામાં જે ૨૬ પરિવારોએ પોતાના પુરુષ સભ્યો ગુમાવ્યા, અને ત્યારબાદ ભારતીય સેના (આર્મી, નેવીતથા એરફોર્સ) દ્વારા આતંકવાદી ના રહેઠાણ ને નસ્ત કરવામાંઆવેલ. ભારત દ્વારા સ્પષ્ટ સંદેશ આપવામાં આવેલ કે ભારત આતંકવાદને સહન નહીં જ કરે. ભારતીય સેના (આર્મી, નેવી એરફોર્સ) દ્વારા જે જવાબી કાર્યવાહી કરવામાં આવી તેમાં આતંકવાદીઓ ને ટ્રેનિંગ કેમ્પ, રહેવાની જગ્યાઓ નસ્ત થઈ. સેના દ્વારા જડબાતોડ જવાબ આપવામાં આવ્યો, આ તબક્કે જામનગરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા ૮ કિલોમીટર જેટલી લાંબી ત્રિરંગા યાત્રા યોજાયેલ. ભારતીય સેના (આર્મી, નેવી એરફોર્સ) દ્વારા ઓપરેશન સિંદૂર ને સફળતા મળી, દાયકાઓથી ભારતમાં આતંકવાદ ફેલાવતા પાકિસ્તાન ને કડક સંદેશ આપવામાં આવ્યો છે, ત્યારે ભારતની જનતા સેના ની સાથે છે તેવા સંદેશ સાથે જામનગર માં ભવ્ય તિરંગા યાત્રા નું આયોજન કરી સેનાની કામગીરી, ઓપરેશન સિંદૂર ની સફળતા ને બિરદાવી સંદેશ પાઠવેલ કે દેશની જનતા સેના ની સાથે છે. આ ત્રિરંગા યાત્રામાં ભારતીય જનતા પાર્ટી જામનગર શહેર અધ્યક્ષાબીનાબેન કોઠારી, સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, રિવાબા જાડેજા, મેયર વિનોદ ખીમસૂરીયા, ડે મેયર ક્રિષ્નાબેન સોઢા, દંડક કેતન નાખવા, શાસક પક્ષ નેતા આશિષ જોશી, શિક્ષણ સમિતિના ચેરમેન પરસોતમ કકનાણી, ડિસ્ટ્રિક કોઓપરેટિવ બેંક ના ચેરમેન જીતુભાઈ લાલ, ગોવા શિપ યાર્ડ ના ડાયરેકટર હસમુખ હિંડોચા, સહિત પૂર્વ મેયરો, પૂર્વ ધારાસભ્યો, પૂર્વ પ્રમુખો, કોર્પોરેટરઓ, માજીસૈનિકો, જિલ્લા હોમગાર્ડ ઉપરાત વિશાળ સંખ્યામાં વિવિધ સામાજિક સંસ્થા દ્વારા આયોજિત આ ત્રિરંગા યાત્રા માં વિવિધ સંસ્થાઓના હોદેદારો, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાહતા.

મેશ્વો અને ખારી નદી પર રૂ. ૧,૮૦૭ લાખના ખર્ચે નવનિર્મિત ૦૬ ચેકડેમોનું જળસંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ લોકાર્પણ કરાવ્યું

આ ચેકડેમોમાં 41.89 MCFT પાણીનો સંગ્રહ થશે; ૩૦થી વધુ ગામના ૩૫૦ હેક્ટર વિસ્તારને મળશે સિંચાઈનો લાભ

ગુજરાતના ખૂણે-ખૂણે સુધી પીવાનું-સિંચાઈનું પાણી પહોંચાડવું એ રાજ્ય સરકારનો દ્રઢ સંકલ્પ: મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા

જાણો રૂ. ૧૮.૦૭ કરોડના ખર્ચે નવનિર્મિત ચેકડેમથી ગાંધીનગર જિલ્લાના કયા ગામોને મળશે સિંચાઇનો લાભ

મેશ્વો નદી પર વાસણા સોગઠી ગામ પાસે રૂ. ૫.૭૭ કરોડના ખર્ચે નવનિર્મિત ચેકડેમનો લાભ દહેગામ તાલુકાના લવાડ, વાસણા સોગઠી, શિયાવાડા, અંત્રોલી અને સુવાના મુવાડા ગામના ખેડૂતો મળશે. જ્યારે, વડોદ ગામ પાસે રૂ. ૪.૪૧ કરોડના ખર્ચે નવનિર્મિત ચેકડેમનો લાભ વડોદ, ગઢવાડ, સિમલિયા, લાલાની મુવાડી, પનાપુર, બડોદરા તેમજ મોટી માછસંગસદર ગામના ખેડૂતોને મળશે. ખારી નદી પર કંથારપુર ગામ પાસે રૂ. ૧.૮૪ કરોડના ખર્ચે નવનિર્મિત ચેકડેમનો લાભ દહેગામ તાલુકાના કંથારપુર, મુંધાસણા, ઉદણ, વાસણા ચૌધરી, ચેકલાપગી તેમજ બાબરા ગામના ખેડૂતોને મળશે. વધુમાં, ધારીસણા ગામ પાસે રૂ. ૨.૩૩ કરોડના ખર્ચે નવનિર્મિત ચેકડેમનો લાભ દહેગામ તાલુકાના ધારીસણા, આંગજીના મુવાડા, હાલીસા અને પાટનાકુવા ગામના ખેડૂતોને મળશે. તેવી જ રીતે, ખારી નદી પર નાના જાલુંદ્રા ગામ પાસે રૂ. ૧.૮૩ કરોડના ખર્ચે નવનિર્મિત ચેકડેમનો લાભ દહેગામ તાલુકાના નાના જાલુંદ્રા, બિલામણા તેમજ ધનિયોલ ગામના ખેડૂતોને મળશે. આ ઉપરાંત મગોડી ગામ પાસે રૂ. ૧.૮૯ કરોડના ખર્ચે નવનિર્મિત ચેકડેમનો લાભ ગાંધીનગર તાલુકાના મગોડી, વડોદરા, ડભોડા તેમજ ઇસનપુર મોટા ગામના ખેડૂતોને મળશે.

કમલમ્,
દહેગામના ધારીસણા ગામ ખાતેથી જળસંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ નવનિર્મિત 06 (A) ચેકડેમોનું લોકાર્પણ કર્યું હતું. આવેળાએ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ ધારીસણા ગામ નજીક ખારી નદી પર રૂ. ૨.૩૩ કરોડના ખર્ચે નવનિર્મિત ચેકડેમની મુલાકાત લઈ જાત નિરીક્ષણ પણ કર્યું હતું. ગાંધીનગર જિલ્લાનાદહેગામઅને ગાંધીનગર તાલુકાના વિવિધ ગામોને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધથાય તેહેતુથી તાલુકામાંથી પસાર થતી મેશ્વો અને ખારી નદી પર રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૧૮.૦૭ કરોડના ખર્ચે કુલ ૬ ચેકડેમોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આશરે રૂ. ૧૮.૦૭ કરોડના ખર્ચે નવનિર્મિત આ ચેકડેમોમાં કુલ ૪૧.૮૯ મિલિયન ક્યુબિક ફિટ (MCFT) પાણીનો સંગ્રહ થશે. જેના માધ્યમથી આસપાસના ૩૦થી વધુ ગામના ખેડૂતોના ૩૫૦ હેકટરથી વધુ વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. આ પ્રસંગે મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતના ખૂણે ખૂણે સુધી નાગરિકોને પીવાલાયક તેમજ સિંચાઈ માટેનું પાણી પહોંચાડવું એ રાજ્ય સરકારનો દ્રઢ સંકલ્પ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ગુજરાત પાણીદાર અને દુકાળ હવે ભૂતકાળ બન્યોછે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, ઉનાળા દરમિયાન ગુજરાતના જે વિસ્તારોમાં હજુ પણ સિંચાઈના પાણીની સમસ્યા ઉભી થતી હશે, તેવા વિસ્તારોમાં ચેકડેમના માધ્યમથી સિંચાઈનું પાણી આપવા માટે રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાંઆવ્યું છે. વિગતો આપતા તેમણે કહ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી સાબરમતી નદી પર ૧૪ ચેકડેમ બાંધવામાં આવ્યા છે. આ ઉપરાંત વાત્રક નદી પર પણ ચાર નવા ચેકડેમ બનાવીને આસપાસના ૧૦ ગામોને સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે, મેશ્વો નદી પર એક ચેકડેમ હયાત છે. આ નદી પર આજે નવા બે ચેકડેમનું લોકાર્પણ કરવામાં આવ્યું છે, જ્યારે બે ચેકડેમનું કામ હાલ પ્રગતિ હેઠળ છે. આટલું જ નહીં, આગામી સમયમાં મેશ્વોનદી પર બીજા ચાર નવા ચેકડેમ બનાવવાનું રાજ્ય સરકારનું આયોજન છે. ખારી નદી પર પણ હાલમાં ત્રણ હયાત ચેકડેમ ઉપરાંત આજે નવા ચાર ચેકડેમનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આગામી સમયમાં ખારી નદી પર બીજા ત્રણ નવા ચેકડેમ બનાવવાનું રાજ્ય સરકારનું આયોજન છે. આ તમામ ચેકડેમોનું કામ પૂર્ણ થતાં ગાંધીનગર અને દહેગામ તાલુકાના ૯૦ થી ૯૫ ગામોના ૫૫૦ હેકટરથી વધુ વિસ્તારને સિંચાઈનો લાભ મળશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. આ વેળાએ અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હસમુખ પટેલ તેમજ દહેગામના ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી શિલ્પાબેન પટેલ, ગાંધીનગર અને દહેગામ તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, દહેગામ નગરપાલિકા ના પ્રમુખશ્રી સહિતના પદાધિકારીઓ તેમજ જળસંપત્તિ વિભાગના સચિવ શ્રી પી. સી. વ્યાસ તેમજ મુખ્ય ઈજનેર શ્રી એમ. ડી. પટેલ સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આયુષ્માન ભારત યોજના – જરૂરિયાતમંદો માટે આરોગ્યનું વરદાન

વડોદરા શહેર-જિલ્લામાં માત્ર નવ મહિનામાં ૫૭ હજારથી વધારે ગરીબ દર્દીઓને મળી રૂ. ૧૪૩ કરોડના ખર્ચે મફત સારવાર

વડોદરા શહેર-જિલ્લામાં આયુષ્માન કાર્ડના લક્ષ્યાંકમાં ૮૦ ટકા સિદ્ધિ; કુલ ૧૧.૨૬ લાખ કાર્ડ વિતરણ કરાયા

કમલમ્, વડોદરા,
આયુષ્માન ભારત યોજના– વિશ્વની આ સૌથી મોટી આરોગ્યયોજના કેજેને પ્રધાનમંત્રીજન આરોગ્ય યોજના (PM-JAY) તરીકેપણ ઓળખવામાં આવે છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ભારત સરકારની એક મહત્વાકાંક્ષી આરોગ્ય વીમા યોજના છે. તેનો ઉદ્દેશ દેશના ગરીબ અને નબળા વર્ગના નાગરિકોને મફત અને ગુણવત્તાસભર આરોગ્ય સેવા પૂરી પાડવાનોછે. વડોદરાનો આરોગ્ય વિભાગ આ યોજનાના મૂળ હેતુને ના તો માત્ર સ્પર્શી રહ્યો છે, પરંતુ તેને મૂર્ત સ્વરૂપપણ આપીરહ્યો છે. આવું એટલા માટે કહી શકાય કે, શહેર-જિલ્લામાંઆયુષ્માન ભારત યોજનાને મળેલી સફળતાના આંકડા તેનો જીવંત પુરાવો છે. આંકડાકીય વિગતોપર નજર નાખીએ તો, જુલાઈ-૨૦૨૪થી એપ્રિલ-૨૦૨૫ સુધીમાં વડોદરા શહેર-જિલ્લામાંઆયુષ્માન ભારત યોજના અંતર્ગત કુલ ૫૭,૬૧૨ લોકોને મફત સારવાર મળી છે. જે બદલ આર્થિકસહાય રૂપે સરકારે સ્વાસ્થ્ય વીમા કવચ થકી કુલ રૂ. ૧૪૩.૩૦ કરોડના મસમોટા ખર્ચમાંથી મુક્તિ અપાવી છે. આપને એ પણ જણાવી દઈએ કે, સપ્ટેમ્બર-૨૦૧૮ (એટલે કે રાષ્ટ્રીય સ્તરે આયુષ્માન ભારત યોજનાનો શુભારંભ થયા બાદ) થી એપ્રિલ-૨૦૨૫ સુધીમાં વડોદરા શહેર-જિલ્લામાં કુલ ૧૧.૨૬ લાખથી વધારે લોકોને આયુષ્માન ભારત યોજના હેઠળ આવરી લેવાયા છે અને તેઓને આયુષ્માન કાર્ડનું વિતરણ પણ કરી દેવામાં આવ્યું છે. આજ રીતે છેલ્લા સાત મહિનામાં એટલે કે, આયુષ્માન વય વંદના યોજનાનું અમલીકરણ શરૂ થયું ત્યારથી ચાલુ મહિનાના ગત સપ્તાહ સુધીમાં શહેર-જિલ્લામાંથી કુલ ૩૮,૨૫૫ આયુષ્માન વય વંદના કાર્ડ બનાવવામાં આવ્યા છે અને તેનું વિતરણ કરવામાં આવ્યું છે. આપને અહીં એ જણાવી દઈએ કે, આયુષ્માન વય વંદના કાર્ડ એ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સામાજિક કે આર્થિક સ્થિતિને ધ્યાનમાં લીધા વગર ૭૦ અને તેથી વધુ વર્ષથી ઉપરના તમામ વડીલોને રૂ. ૧૦લાખ સુધીની નિઃશુલ્ક સ્વાસ્થ્ય સુરક્ષાની ગેરંટી છે. આ કાર્ડ મેળવવા માટે ફક્ત આધારકાર્ડની જરૂર પડે છે. પરંતુ, શરત માત્ર એટલી છે કે આધારકાર્ડ રેશનકાર્ડ સાથે લિંક થયેલું ફરજીયાત છે. નજીકના આરોગ્ય કેન્દ્ર પર જઈને ૭૦ વર્ષથી વધુ ઉંમરના તમામ વરિષ્ઠ નાગરિકોએ ચોક્કસથી આયુષ્માન વય વંદના કાર્ડ કઢાવી લેવું જોઈએ. હવે, તમને એ પણ જણાવી દઈએ કે, આયુષ્માન કાર્ડ જો આવકના દાખલા આધારિત હોય તો દર ત્રણ વર્ષે તેને રિન્યુ કરાવવું જરૂરી છે. NFSA કેટેગરી, મા કાર્ડ કેટેગરી અને વય વંદના કેટેગરીમાં તે લાગુ નથી પડતું. પરંતુ, કોઈ પણ કેટેગરીમાં નવા કાર્ડ કઢાવવા માટે કે રિન્યુ કરાવવા માટે આધારકાર્ડ સાથે રેશનકાર્ડ લિંક કરાવવું ફરજિયાત છે. તમે નજીકના કોઈ પણ સરકારી આરોગ્ય કેન્દ્ર પર આયુષ્માન કાર્ડની નવી નોંધણી કે રિન્યુ કરાવી શકો છો. આ ઉપરાંત આયુષ્માન એપ અથવા PM-JAY ની સત્તાવાર વેબસાઈટ પર જઈને પણ આયુષ્માન કાર્ડ માટે ઓનલાઈન અરજી કરી શકાય છે. મહત્વનું છે કે, આયુષ્માન ભારત યોજનાએ દેશના જન-જનનું આયુષ્ય વધાર્યું છે. નબળા વર્ગના નાગરિકોને આરોગ્ય સેવાઓમાં સહાયરૂપ થવામાટે સરકારશ્રીનું આ એક મહત્વપૂર્ણ પગલું છે. વિશ્વની સૌથી મોટી આરોગ્ય યોજના એટલે કે આયુષ્માન ભારત યોજના થકી ગરીબોને મફત સારવાર આપીને ભારત 'આયુષ્માન ભારત'બની રહ્યું છે, ત્યારે તમે આ યોજનાથી વંચિત તો નથી ને જો તમે પાત્રતા ધરાવતા હો, તો આ યોજનાનો લાભ લઈને તમારા અને તમારા પરિવારના આરોગ્યને સુરક્ષિત બનાવો.